**આંક-૨૬**

**<u>મજુર અદાલત નં - ૧, ભરૂચના કામદાર વળતરધારા કમિશ્નર</u>**
**<u>શ્રી જે.બી.ધાસુરા સમક્ષ</u>**

**વ.કો.ફેટલ અરજી નંબર : ૧૬/૨૦૧૫**

**અરજદાર** : ગુજરનાર શ્રી પંચાયત કર્મચારી રાજુભાઈ ગોરધનભાઈ વસાવાના વારસદારો.
પ્રતિ તારાબેન રાજુભાઈ વસાવા તથા અન્ય.
રહે, રાજા નગર, મુ.પો. પાલેજ, તા.જી. ભરૂચ.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : (૧) પાલેજના તત્કાલીન સરપંચશ્રી
શબ્બીરખાન રહેમાનખાન પઠાણ
ઈમામખાન ફળીયું, મુ.પો. પાલેજ, તા.જી.ભરૂચ.
(૨) ગ્રામ પંચાયત
મુ.પો. પાલેજ, તા.જી. ભરૂચ - ૩૯૨૨૨૦

**વિષય :-** કામદાર વળતર ધારા મુજબ વળતર મેળવવા માટેની અરજી.

**હાજર રહયા** : અરજદાર તરફે વિ. પ્રતિનિધિ શ્રી પી.એસ.બિસ્કીટવાલા.
સામાવાળા નં-૧ તરફે વિ.વકિલ શ્રી એ.આઈ.પટેલ.
સામાવાળા નં-૨ તરફે વિ.વકિલ શ્રી કે.ડી.પરમાર.

**<u>-:: હુકમ ::-</u>**

**(૧)** આ કામે અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર ઉપરોકત દર્શાવેલ સરનામે કાયમી ધોરણે રહીએ છીએ. આ કામના સામાવાળા નં:૧ પાલેજના તાત્કાલીન સરપંચશ્રીનો હોદ્દો ભોગવે છે તથા સામાવાળા નં:૨ ગ્રામ પંચાયતના રહેવાસી છે.

અરજદારના પતિ નામે રાજુભાઈ ગોરધનભાઈ વસાવા સામાવાળા નં.૧ તથા ર ની કામ કરવાની સીધી દોરવણી હેઠળ પંચાયત ઓફીસના કર્મચારી તરીકે છેલ્લા ત્રણ વર્ષથી નિયમિત પોતાની ફરજો બજાવતા હતા. તેઓ પોતાની ફરજો અત્યંત નિયમિત, પ્રમાણિકપણે, ખંતથી, વફાદારીપૂર્વક તેમજ કોઈપણ જાતના રોકટોક વગર પોતાના ઉપરી અધિકારીશ્રીઓની સૂચના ( આ સૂચનાઓ ચાલુ કામના સમયે કે નોકરી પુરી થઈ ગયા પછી પણ ) બજાવતા હતા. તેઓએ કોઈપણ જાતના કામમાં કોઈ દિવસ ના પાડી ન હતી. તેઓનો રેકોર્ડ એકદમ ચોખ્ખો અને પ્રમાણિક હતો. તેઓના હાજીહજુર અને તાત્કાલીક કામના નિકાલથી સામાવાળા અધિકારીશ્રીઓ ખુશ હતા. તેઓની ફરજો પુરી થયા બાદ પણ સામાવાળાઓ જો કોઈ કામ સોંપવામાં આવતું હોય તો તે કામ પણ કામના સમય બાદ પુરુ કરી આપવાની ટેવવાળા હતા, એટલે કે કહયાગરા હતા.

મારા પતિ તા.૧૪/૦૪/ર૦૧પ ના રોજ સામાવાળા નં.૧ ની સૂચના અનુસાર તે દિવસે તમારા સંબંધી એહમદમીયા રસુલમીયાની પુત્રવધુનું મરણ થયું હોવાથી રાત્રિના સમયે લોકો તેમના ઘરે બેસવા આવવાના હોય, લાઈટની સગવડ મળી રહે તે હેતુને ઘ્યાનમાં રાખી તમો સરપંચની ખુરશીનો લાભ ઉઠાવી મારા પતિ કે જેઓ તમારી ઓફીસના કર્મચારી રાજુભાઈ ગોરધનભાઈ વસાવાને મૈયતવાળા ઘર સામે આવેલ વીજળીના થાંભલા ઉપર હેલોજન લેમ્પ બાંધી તેને ઘરમાંથી વીજળી પુરવઠો પુરો પાડવા માટે ફરજ પાડી હતી.

મારા પતિ સ્વભાવે નરમ હોય અને ઉપરી અધિકારીની સૂચનાને માન આપી તમારા કર્મચારી રાજુભાઈ વસાવાએ પ્રથમ સદર કામની ના પડી હતી. પરંતુ તમોએ તમારી ખુરશી અને સરપંચના હોદ્દાનો ગેરલાભ ઉઠાવી તેઓને દાબ–દબાણ આપી થાંભલા ઉપર હેલોજન લેમ્પ લગાડવા માટે મજબુર કર્યા હતા.

આથી મારા પતિ રાજુભાઈ ગોરધનભાઈ વસાવા થાંભલા ઉપર ચઢેલા હતા અને લાઈટ ફીટીંગનું કામ કરતા હતા, તે દરમ્યાન તેઓને વીજળીનો શોટ લાગવાથી થાંભલા ઉપરથી જમીન ઉપર પડી ગયેલ હતા. જેને લઈને તેઓને જીવલેણ ગંભીર ઈજાઓ થઈ હતી.

તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં સીવીલ હોસ્પિટલ તે જ સમયે એટલે તા.૧૪/૪/૨૦૧૫ ના રોજ બપોરે ૩–૧૦ કલાકે લાવવામાં આવેલ હતા. જયાં ડોકટરી તપાસમાં તે જ દિવસે એટલે કે તા.૧૪/૪/૨૦૧૫ ના રોજ બપોરે ૩–૨૦ કલાકે મૃત જાહેર કરેલ હતા. તેઓને પોસ્ટમોર્ટમ રીપોર્ટ તા.૧૫/૦૪/૨૦૧૫ થી બનાવવામાં આવેલ છે.

**<u>અકસ્માતથી મૃત્યુ પામેલ કર્મચારીની વિગત નીચે મુજબ છે</u>**

(૧) નામ : રાજુભાઈ ગોરધનભાઈ વસાવા

(૨) સરનામું : રાજા નગર, મુ.પો. પાલેજ, તા.જી. ભરૂચ.

(૩) ઉંમર : ૩૨ વર્ષ

(૪) પગારનો દર : ૨૯૩/– પ્રતિદિન માસિક પગાર રૂ.૭,૬૦૦/–

હેકટર : ૨૦૩.૮૫

વળતરની રકમ : રૂ.૭,૭૪,૬૩૦/–

સદર અકસ્માત તમારી ઓફીસના તમારી સંસ્થાના વગના હુકમોનું પાલન કરવાના અર્થે અને તમો સરપંચના કહેવાથી અકસ્માત થયેલ હોય, આથી તમો તથા તમારા ગ્રામ પંચયતની સંસ્થા સદર અકસ્માત માટે જવાબદાર હોય, આમ સદર અકસ્માતની જાણ તમોને હોય, છતાં આજદિન સુધી તમોએ વળતરની રકમ જમા કરાવેલ નથી.

સદર વળતરની રકમ રૂ.૭,૭૪,૬૩૦/– તથા ફયુઝની રકમ રૂ.૫,૦૦૦/– અકસ્માત થયે એક માસમાં મજુર અદાલત, ભરૂચમાં જમા કરાવવાની જવાબદારી બને છે. આમ છતાં તેઓએ જાણીબુઝીને, જાણે–અજાણે, ગરીબ કર્મચારી કે જેઓને આવકનું અન્ય કોઈ સાધન નથી અમારા નાના–નાના બાળબચ્ચા તેમજ પાછળ વિલાપ કરતા મા–બાપ અને અમો પત્ની સાથે દયાભાવ બતાવ્યા વગર આજદિન સુધી તમોએ વળતરની રકમ જમા ન કરાવતા કાયદામાં રહેલી જોગવાઈઓ અનુસાર સદર રકમ જયાં સુધી ચૂકવવામાં ન આવે ત્યાં સુધી સદર રકમ ઉપર ૫૦% પેનલ્ટી તથા ૧૮% વ્યાજ ચુકવવાની જવાબદારી તમો સામાવાળા નં–૧ તથા ૨ ની બને છે. જેની ગંભીરતાથી નોંધ લેશો.

નામદાર કોર્ટ અરજદારને સામાવાળાઓના ત્યાં કામગીરી દરમ્યાન કામગીરીના ભાગરૂપે અકસ્માત થયેલ છે જેથી કામદાર વળતર ધારા હેઠળ મળવાપાત્ર થતી રકમ રૂ.૭,૭૪,૬૩૦/–(અંકે રૂપીયા સાત લાખ ચુંમોતેર હજાર છસો ત્રીસ પુરા) તેમજ સામાવાળા સંસ્થાઓએ નિયત સમયમાં વળતરના નાણાં જમા કરાવેલ નથી જેથી મુળ રકમના ૫૦% પેનલ્ટી તથા અકસ્માતના તારીખથી મુળ રકમના ૧૮% વ્યાજ સહિત અપાવવી જોઈએ તેવો હુકમ ફરમાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય દાદ અપાવવા દાદ માંગેલ છે.

**(૨)** સદર અરજી દાખલ થતાં સામાવાળાઓને નોટીસ કરતાં તે બજી ગયેલ હોવા છતાં સામાવાળા નં–૧ તરફે કદોઈ જવાબ રજુ ન થતાં અરજદારની આંક–૧૧ ની અરજી અન્વયે સામાવાળા નં–૧ નો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૨/૧)** આ કામે સામાવાળા નં–૨ તરફે આંક–૧૫ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, પાલેજ ગ્રામ પંચાયતનાં સરપંચશ્રી નશીમબેન સલીમખાં પઠાણ તા.૧૭/૦૧/૨૦૧૬ ના રોજ ચુંટાયેલા સરપંચ છે. સદર બનાવ આ કામના સામાવાળા નં.૧ જયારે સરપંચ પદે હતા, ત્યારનો બનેલો છે.

સદર બનાવમાં જે તે વખતે પાલેજ ગ્રામ પંચાયત જવાબદાર ન હતી કારણ કે, જે દિવસે રાજુભાઈ વસાવાને લાઈટનાં થાંભલાં ઉપર કરંટ લાગ્યો તે દિવસે તા.૧૪/૪/૧૫ હતી, અને ડો.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ હોય, આખા ભારત દેશમાં જાહેર રજા હતી, અને તે રીતે પાલેજ ગ્રામ પંચાયતમાં પણ જાહેર રજા હતી.

પરંતુ તે દિવસે સામાવાળા નં.૧ ના સંબંધીના ઘરે તેમની પુત્રવધુનું મોત થયેલું હોય, જેથી રાત્રીનાં સમયે લોકો તેમનાં ઘરે બેસવા માટે આવે તે માટે લાઈટની વ્યવસ્થા કરવાં, સામાવાળા નં–૧ નાએ મરનાર રાજુભાઈ વસાવાને બળજબરીથી બોલાવી, થાંભલા ઉપર ચઢાવેલા, મળતી માહિતી પ્રમાણે જાહેર રજા હોય રાજુભાઈ વસાવા પોતાનાં પરીવાર સાથે રહેવા માંગતાં હોવા છતાં, સામાવાળા નં–૧ નાએ તેમની સત્તાનો દુરઉપયોગ કરી,

ધાક, ધમકી આપી મરનાર રાજુભાઈ વસાવાને ધમકાવી બોલાવેલા, અને થાંભલા ઉપર ચઢવા માટે મજબુર કરેલા અને રાજુભાઈ વસાવા સામાવાળા નં–૧ ના અતિશય દબાણને વશ થઈ નાછુટકે લાઈટનાં થાંભલા ઉપર ચઢેલા અને જયાં કરંટ લાગતાં નીચે પટકાતા તેમનું કરૂણ મૃત્યુ નિપજેલું છે.

સદર અકસ્માત થયો તેનાં બીજા દિવસે ગામનાં જાગૃત નાગરીક સલીમખાં નીજામખાં પઠાણે જીલ્લા વિકાસ અધિકારીશ્રીને તે અંગે પત્ર લખી, સામાવાળા નં.૧ ની વિરૂઘ્ધ કાર્યવાહી કરવા માંગ કરેલી, જે પત્ર આ સાથે લીસ્ટથી સામેલ છે.

આમ, સદર કેસમાં પાલેજ ગ્રામ પંચાયતની કોઈ જ જવાબદારી બનતી નથી, ગુજરનારને જાહેર રજાના દીવસે, દાદાગીરી કરી, બળજબરીથી બોલાવી, સામાવાળા નં–૧ નાએ થાંભલા ઉપર ચઢાવેલા હોય અને જયાં કરંટ લાગતાં રાજુભાઈ વસાવાનું મૃત્યુ થયેલ હોય, આ કામે તેમની સંપુર્ણ અને ૧૦૦% જવાબદારી નકકી કરવા અને સામાવાળા નં–ર તરીકે પાલેજ ગ્રામ પંચાયતને આ કેસ માંથી મુકત કરવા મારી નવા સરપંચશ્રીની નામ.કોર્ટને માનસહ નમ્ર અરજ સહ વિનંતી છે.

**(૩)** સદર કેસનાં આખરી નિકાલ માટે મારા પુરોગામી કમિશ્નરશ્રી ઘ્વારા આંક–૧ર થી નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવેલ છે.

(૧) શું અરજદાર સાબિત કરેલ છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિત છે ?

(ર) શું ગુજરનાર કામદાર વળતર ધારો, ૧૯ર૩ માં જણાવેલ વ્યાખ્યા મુજબ સામાવાળા ના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે કે કેમ ?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, ગુજરનારને થયેલ અકસ્માત મૃત્યુ તેમની નોકરી દરમ્યાન અને તેમની ફરજો દરમ્યાન થયેલ છે ?

(૪) ગુજરનારના મૃત્યુ સમયે તેમની ઉંમર અને તેમનો પગાર શું હતાં ?

(૫) આ કામના અરજદાર કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ મુજબ સામાવાળા પાસેથી અકસ્માત વળતરની રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર થાય છે કે કેમ ? જો તેઓ મેળવવાં હકકદાર થતાં હોય તો કેટલી રકમ સામાવાળાઓ પાસેથી વ્યકિતગત અને સંયુકત રીતે મેળવવાને હકકદાર થાય છે ?

(૬) શું આ કામના અજદાર કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ મુજબ અકસ્માત વળતરની રકમ ઉપર પેનલ્ટી અને વ્યાજ મેળવવા હકદાર છે ? જો તેઓ મેળવવા હકકદાર થતાં હોય તે કેટલી રકમ સામાવાળાઓ પાસેથી વ્યકિતગત રીતે સંયુકત રીતે મેળવવાને હકકદાર થાય છે ?

(૭) શું આખરી હુકમ ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓની હકીકતો સાબિત કરવા પક્ષકારો ધ્વારા નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**<u>અરજદાર તરફે :–</u>**

**<u>મૌખિક પુરાવો :–</u>**

(૧) આંક–૧૭ અરજદાર તારાબેન રાજુભાઈ વસાવાની સોગંદનામા ઉપર જુબાની.

**<u>લેખિત પુરાવો :–</u>**

(૧) આંક–૪ દસ્તાવેજી પુરાવા લીસ્ટ.
(૨) આંક–૧૧ સામાવાળાનો જવાબનો હકક બંધ કરવા બાબતે અરજી.
(૩) આંક–૧૩ દસ્તાવેજી પુરાવા લીસ્ટ.
(૪) આંક–૧૮ સામાવાળા નં–૧ નો ઉલટતપાસનો હકક બંધ કરવા બાબતે અરજી.
(૫) આંક–૨૦ કલોઝીગ પુરશીસ.
(૬) આંક–૨૫ સામાવાળા નં–૧ નો દલીલનો હકક બંધ કરવા બાબતે અરજી.

**<u>સામાવાળા નંબર –૧ તરફે :–</u>**

આ કામે સામાવાળા નં–૧ તરફે કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

**<u>સામાવાળા નંબર –૧ તરફે :–</u>**

**<u>મૌખિક પુરાવો :–</u>**

આ કામે સામાવાળા નં–ર તરફે કોઈ મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

**<u>લેખિત પુરાવો :–</u>**

(૧) આંક–૧૫ લેખિત જવાબ.

(ર) આંક–રર કલોઝીંગ પુરશીસ.

**(પ)** આ કામે અરજદાર ધ્વારા આંક – ર૪ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે તે વંચાણે લીધી.

**(પ/૧)** આ કામે સામાવાળા નં–૧ તરફે કોઈ પુરાવો રજુ થયેલ થયેલ નથી તેમજ તેઓ ધ્વારા આ કામે દલીલો પણ રજુ રાખવામાં આવેલ નથી.

**(પ/ર)** આ કામે સામાવાળા નં–ર ધ્વારા આંક–ર૩ થી લેખિત દલીલ રજુ કરી જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં–ર કોઈપણ પ્રકારનું વળતર ચુકવવા જવાબદાર તથા નથી. તેમજ આ કામના સામાવાળા નં–ર ની પેનલ્ટી કે વ્યાજ ચુકવવાની કોઈ જવાબદારી બનતી નથી. અને તેઓ તે ચુકવવા બનતા નથી. તે સંજોગોમાં અરજદારની અરજી નામંજુર કરવી જોઈએ.

**(૬)** ઉપરોકત વિગતે રજુ થયેલ પુરાવાઓ તથા તમામ પક્ષકારોના પ્રતિનિધિ અને વકીલશ્રીની દલીલનું કાળજી પૂર્વક મૂલ્યાંકન કરતાં આંક–૧ર થી કાઢવામાં આવેલ મુદ્દાઓન નિર્ણયો નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>નિર્ણય : –</u>**

(૧) હકારમાં.

(ર) સામાવાળા નં–ર ગ્રામ પંચાયત પાલેજ ના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે પરંતું સામાવાળા નં–૧ ના કામદાર હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૩) નકારમાં.

(૪) મૃત્યુ સમયે ઉંમર ૩૨ વર્ષ અને પગાર પ્રતિદિન રૂ.૨૯૩/–

(૫) નકારમાં.

(૬) નકારમાં.

(૭) આખરી હુકમ મુજબ.

**<u>કારણો : –</u>**

**<u>મુદ્દા નંબર ૧ અને ૨ : –</u>**

ઉપરોકત મુદ્દાઓની વિગતવાર ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

આ કામે રજુ કરવામાં આવેલ પુરાવા તથા રેકર્ડ જોતાં હાલના અરજદાર તારાબેન રાજુભાઈ વસાવા જેઓ ગુજરનાર વસાવા રાજુભાઈ ગોરધનભાઈના પત્ની છે અને તેઓએ તેમના પતિ વસાવા રાજુભાઈ ગોરધનભાઈના વારસદાર તરીકે વળતર મેળવવા હાલની અરજી કરેલ છે અને આ કામે આંક–૧૨/૧૩ થી રજુ રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ જોતાં વસાવા તારાબેન રાજુભાઈ નું સભ્યના નામમાં અનુક્રમ નંબર–૭ ઉપર આવેલ હોવાનું જણાય છે. જેથી આ કામે અરજદાર ગુજરનાર રાજુભાઈ ગોરધનભાઈ વસાવાના પત્ની હોવાનું અને તેઓના કાયદેસરના વારસદાર આશ્રિત હોવાનું સાબિત થાય છે. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

આ કામે ગુજરનાર વસાવા રાજુભાઈ ગોરધનભાઈ પાલેજ ગ્રામ પંચાયતમાં છૂટક દૈનિક રોજ ઉપર કામ કરતાં હોવાની હકીકત આ કામે રજુ નિ.૯/૧ થી રજુ પાલેજ ગ્રામપંચાયતના ઠરાવની નકલ જોતાં જણાઈ આવે છે. તે સંજોગોમાં મુદ્દા નં–૨ નો જવાબ ગુજરનાર સામાવાળા નંબર–૨ ગ્રામ પંચાયતના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતું સામાવાળા નં–૧ ના કામદાર હોવાની હકીકત પુરવાર થતી નથી.

આ કામે આંક–૧૭ થી અરજદારે સોગંદનામા ઉપર સરતપાસ શરૂ કરેલ છે. જેમાં તેઓએ કથન કરેલ છે કે સદર અકસ્માતના દિવસે પંચાયતમાં જાહેર રજા હતી તેમજ પાલેજ ગ્રામપંચાયતની પણ જાહેર રજા હતી. સદર દિવસે પાલેજના તત્કાલિન સરપંચના ખાસ માણસના ઘરે ચોક વિસ્તાર અહેમદ મિયા રસૂલ મિયાની પુત્રવધુનું મરણ થયેલું હોય

ગ્રામ લોકો રાત્રે બેસવા આવે તે માટે તેમજ ઘર માંથી બહાર બેસણાનાં બેઠક માટે લાઈટની વ્યવસ્થા ન હોવાથી સરપંચે પોતાની સત્તાનો દુરુપયોગ કરી તેમના પતિને ઘર પાસે આવેલ લાઈટના થાંભલા ઉપર ઘરમાંથી લાઈટના વાયરો ખેંચી ફોકસ લગાડવા માટે મજબુર કરવામાં આવેલ તેમના પતિ રાજુભાઈએ આ કામ કરવાની ચોખ્ખી ના પાડી હતી છતાં સરપંચે હોદ્દાનો ગેરલાભ ઉઠાવી થાંભલા ઉપર હેલોજન લેમ્પ લગાડવા મજબુર કરવામાં આવેલ હતા. આમ સામાવાળા નંબર–૧ ના એ અરજદારના પતિ રાજુભાઈ વસાવાને બળજબરીથી બોલાવી થાંભલા ઉપર ચડવા માટે મજબુર કરેલા અને સામાવાળા નંબર–૧ નો અતિશય દબાણને વશ થઈ નોકરી છુટી જવાની બીકે નાછૂટકે લાઈટના થાંભલા ઉપર ચડેલા અને હેલોજન લાઈટને ચાલુ કરવા માટે ઘરમાંથી વાયરની લાઈન ખેંચી થાંભલા સુધી લઈ લગાવતા ઘરમાંથી આપવામાં આવેલ વાયરથી કરંટ લાગતા અરજદારના પતિ થાંભલા ઉપરથી જ જોરભેર નીચે પટકાયેલા જયાં તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નીપજેલ હતું. આમ સરપંચની આપખુદી અને બોસપણાને લઈને તથા તેઓની બેદરકારીના કારણે અરજદારનમા પતિ રજુભાઈ વસાવાનું મોત નીપજેલ છે તે માટે પાલેજના તત્કાલિન સરપંચ શબ્બીરખાન રહેમાન ખાન પઠાણ તથા ગ્રામ પંચાયત પાલેજ સીધા જવાબદાર બને છે. જેથી અરજદારે W.C.Act - કલમ –૪ મુજબ અરજી દાખલ કરેલ હોવાનું કથન અરજદારે કરેલ છે.

સદરકામે અરજદાર તરફે આંક–૧૩/૩ થી પી.એમ. રીપોર્ટ તેમજ આંક–૧૩/૪ થી ઈન્કવેસ્ટ પંચનામું રજૂ કરેલ છે. જે જોતાં મરનાર રાજુભાઈ ગોરધનભાઈ વસાવાનાઓનું મૃત્યુ કારણ ઈલેકટ્રીક થાંભલા ઉપર ચડતા કરંટ લાગવાથી મરણ ગયેલ હોવાનું જણાય છે. આ કામે બનાવના દિવસે એટલે કે તા.૧૪/૪/૨૦૧૫ ના રોજ ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતી હોય પાલેજ ગ્રામપંચાયતમાં જાહેર રજા હતી અને અરજદારે રજુ કરેલ સોગંદનામાની હકીકત જોવામાં આવે તો તત્કાલિન સરપંચે પોતાની ખુરશી અને સરપંચના હોદ્દાનો ગેરલાભ ઉઠાવી થાંભલા ઉપર હેલોજન લેમ્પ લગાડવા મજબુર કરવામાં આવેલ હોવાનું અને સામાવાળા નંબર–૧ ના દબાણ ને વશ થઈ ના છુટકે લાઈટના થાંભલા ઉપર ચડેલા તથા ઘરમાંથી હેલોજન લાઈટને ચાલુ કરવા માટે વાયરની લાઈન ખેંચી થાંભલા ઉપર સુધી લગાવતા ઘરમાંથી આપવામાં આવેલ વાયરથી કરંટ લાગતા થાંભલા ઉપરથી જોરભેર નીચે પટકાતા માથામાં ગંભીર ઈજાઓ થતા અરજદારના પતિ રાજુભાઈ ગોરધનભાઈ વસાવાનું ઘટના સ્થળે મોત

નીપજેલ હોવાનું જણાવે છે જેથી આ કામે તે હકીકત જોતાં પાલેજ ગ્રામપંચાયતમાં બનાવના દિવસે રજા હતી. જેથી તે હકીકત સાબિત થાય છે કે ગુજરનાર રાજુભાઈ ગોરધનભાઈ વસાવાનાઓનું મૃત્યુ તેઓની નોકરીના કામકાજ દરમિયાન કે ફરજના ભાગરૂપે થયેલ નથી તે સંજોગોમાં મુદ્દા નં–૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

આ કામે ગુજરનાર રાજુભાઈનું જન્મનું પ્રમાણપત્ર નિ.૧૩/૯ જોતાં તથા નિ.૧૩/૧૦ મરણ પ્રમાણપત્ર જોતાં અરજદારની ઉંમર આશરે ૩૨ વર્ષ હોવાનું જણાય છે અને નિ.૧૩/૮ થી રજુ ગ્રામપંચાયત પાલેજ નો પત્ર વંચાણે લેતાં ગુજરનાર રાજુભાઈ ગોરધનભાઈ વસાવા તા.૦૮/૦૨/૨૦૧૩ થી તા.૧૪/૦૪/૨૦૧૫ સુધી દૈનિક છુટક વેતન ઉપર દહાડીયા મુજબ હાજરી પ્રમાણે કામ કરતાં હતા છુટક વેતન લઘુત્તમ ધારા મુજબ મળતું હોવાનું પત્રજોતાં જણાય છે તે મુજબ મુદ્દા નં–૪ નો જવાબ ઉંમર વર્ષ આશરે ૩૨ અને છુટક વેતન લઘુત્તમ ધારા રૂ.૨૯૩/– પ્રતિદિન મુજબ મળતો હોવાનું પુરવાર થાય છે.

અરજદારે રજુ કરેલ સોગંદનામાની હકીકત જોવામાં આવે તો રજાના દિવસે તત્કાલિન સરપંચનાઓના કહેવાથી અને તેમણે કરેલ દબાણને વશ થઈ લાઈટના થાંભલા ઉપર ગુજરનાર રાજુભાઈ ગોરધનભાઈ વસાવાનાઓ ચડેલા અને તે દરમિયાન કરંટ લાગતા નીચે પટકાવાથી ઈજા થતા મૃત્યુ થયેલ જેથી આ કામે એ હકીકત સાબિત થાય છે કે બનાવ રજાના દિવસે જયારે ગ્રામપંચાયતમાં રજા હતી ત્યારે બનેલો જેથી સામાવાળા નં–૨ ગ્રામપંચાયતના હુકમથી કે ગ્રામપંચાયતની ફરજના ભાગ રૂપે કે કલાકો દરમ્યાન બનાવ બનેલ હોવાનો પુરવાર થતું નથી. વધુમાં આ કામે ગુજરનાર સામાવાળા નં–૨ ગ્રામપંચાયત પાલેજના કામદાર હતા પરંતું સામાવાળા નં–૧ ના કામદાર ન હતા અને સામાવાળા નં–૧ ના કહેવાથી લાઈટ ચાલુ કરવા માટે થાંભલા ઉપર ચડેલ હોવાનો હાલમાં કેસ છે જે જોતાં જણાય છે કે તત્કાલીન સરપંચે તેની વ્યકિતગત હેસીયતથી ગુજરનાર રાજુભાઈ ગોરધનભાઈ વસાવાને ઈલેકટ્રીક થાંભલા ઉપર ચઢવા જણાવેલ નહી કે નોકર અને માલીકની હેસીયતથી તેવા સંજોગોમાં કામદાર વળતર ધારા હેઠળની જોગવાઈ હાલના કેસમાં લાગુ પાડી શકાય નહી અને સરપંચે વ્યકિતગત રીતે રજાના દિવસે લાઈટ ચાલુ કરવા માટે લાઈટના થાંભલા ઉપર ચઢવા જણાવેલ હોવાનો હાલનો કેસ હોવાથી અરજદારે 'અપકૃત્ય' માટે સીવીલ કોર્ટમાં દાવો લાવી દાદ માંગી શકે પરંતુ કામદાર વળતર ધારા હેઠળ દાદ મળી શકે નહી તેવું અત્રેની અદાલતનું માનવું છે.

તેવા સંજોગોમાં સામાવાળા નં–૧ અને અરજદારના પતિ ગુજરનારની વચ્ચે નોકર અને માલિક વચ્ચેનો સંબંધ પુરવાર થતો નથી તેવા સંજોગોમાં આ કામના અરજદાર કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ મુજબ સામાવાળા નં–૧ તેમજ નં–૨ પાસેથી અકસ્માત વળતરની રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર થતા નથી અને તે રીતે મુદ્દા નં–૫ નો જવાબ 'નકારમાં' આપવામાં આવેલ છે.

આમ અરજદાર કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ મુજબ અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર બનતા ન હોઈ વળતરની રકમ ઉપર પેનલ્ટી અને વ્યાજ મેળવવા પણ હકકદાર થતાં નથી તેવા સંજોગોમાં મુદ્દા નં–૬ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે.

આમ ઉપરોકત તમામ મુદ્દાઓની વિગતવાર ચર્ચાના અંતે મુદ્દા નં–૭ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

**(૧)** અરજદારની વર્કમેન કોમ્પેનસેશન એકટની કલમ : ૪ મુજબ પંચાયત કામદાર સ્વ.રાજુભાઈ ગોરધનભાઈ વસાવાનું અકસ્માતથી થયેલા મૃત્યુનું સામાવાળા નં–૧ તથા નં–૨ સામે વળતર મેળવવા માટેની અરજી આથી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હુકમ આજરોજ તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date : 02/01/2020
Place: Bharuch

(Javedakhtarkhan Bajitkhan Ghasura)
UIC NO : GJ01028
EX.OFFICIO COMMISSIONER
FOR WORKMAN COMPENSATION
LABOUR COURT,BHARUCH.